## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




બેટા, આમાં પાસવર્ડ ન હોય, આને પુસ્તક કહેવાય... સીધુ જ વાંચવાનું.

# શહેર-જિલ્લામાં વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળાના કેસોએ આરોગ્યતંત્રની ચિંતા વધારી

### શહેર જિલ્લામાંથી ડેન્ગ્યુના ૪૮, ચિકનગુનિયાના ૫ અને કમળાના ૨૮ કેસ એક સપ્તાહમાં સિવિલમાં નોંધાયા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર અને જિલ્લામાંથી હજુ પણ વાહકજન્ય રોગચાળાના કેસો મળી રહ્યા હોવાથી આરોગ્યતંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

છેલ્લા એક સપ્તાહમાં જ ડેન્ગ્યુના ૪૮, મેલેરિયાના ૫ અને ચિકનગુનિયાના પાંચ કેસ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નોંધાયા છે. ચિકનગુનિયા અને ડેગ્યુના કેસોની સંખ્યામાં આ વર્ષે વધારો થવા પામ્યો છે જેણે તંત્રની ઊંઘ હરામ કરી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે શહેર અને જિલ્લામાં વાહકજન્ય રોગચાળાની સાથે સાથે પાણીજન્ય રોગચાળાના કેસો પણ મોટી સંખ્યામાં મળી રહ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સૂત્રોનુ માનીએ તો ઝાડાના ૨૨૮ જેટલા કેસો છેલ્લા એક સપ્તાહમાં નોંધાયા છે. જ્યારે કમળાના કેસો પણ ચિંતાજનક રીતે જોવા મળી રહ્યા છે. આ સૂત્રોના કહેવા પ્રમાણે ૨૮ કેસ નોંધાયા છે પણ ૨૪ દર્દીઓ હાલ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

જે કમળાના કેસો નોંધાયા છે તે 'ઈ' કેટેગરીના છે અર્થાત ખરાબ થઈ ગયેલુ ભોજન આરોગવાને કારણે અથવા તો ખરાબ પાણી પીવામાં આવતાં આ દર્દીઓ મળી આવતા હોય છે. શહેર અને જિલ્લામાં અખાદ્ય ચીજોનો વેપલો વધવા પામ્યો છે અને તંત્ર દ્વારા જે કાર્યવાહી થવી જોઈએ તેમાં ઉણુ ઉતરી રહ્યુ છે.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર અમદાવાદ માર્ગ પર આવેલ એક ગામમાંથી ગત એક મહિનામાં કમળાના કેસો મોટી સંખ્યામાં મળી આવ્યા હતા પરંતુ તંત્રએ આ મુદ્દે મૌન સેવ્યુ છે.

જો કે જિલ્લામાં આરોગ્ય કર્મયોગીઓના નો રિપોર્ટીંગ આંદોલનને કારણે જિલ્લાના આરોગ્યની સાચી સ્થિતિનો તંત્રને પણ ખ્યાલ આવી રહ્યો નથી. જિલ્લામાં અને શહેરમાં પાણીના ક્લોરીનેશનનો પ્રશ્ન આજે પણ તંત્ર માટે ચિંતાજનક બની રહેલ છે. જો કે સરકારે ગઈકાલે જ શહેરનુ પાણી પીવાલાયક હોવાનુ અને કેન્દ્ર સરકારનો કોઈ અહેવાલ નહિ મળ્યો હોવાનુ જાહેર કર્યુ છે જે ઉલ્લેખનીય છે.

# પ્રતિક ધરણા પર ઉતરેલા ઉમેદવારની તબિયત લથડી

ગાંધીનગર, તા.૧૦

બિન સચિવાલય કલાર્કની પરીક્ષા રદ કરવાના મામલે પ્રતિક ધરણા પર ઉતરેલા ઉમેદવારની તબિયત આજે ૧૨ વાગ્યાના અરસામાં લથડી હતી. સુરતનો આ ઉમેદવાર છેલ્લા પાંચ દિવસથી પ્રતિક ઉપવાસ કરી રહ્યો હતો. ગાંધીનગર શહેરના સ્વર્ણીમ પાર્ક ખાતે છેલ્લા આઠ




દિવસથી આંદોલનકારીઓએ પોતાનો અડીંગો જમાવી દીધો છે.બિન સચિલાવય પરિક્ષા રદ કરવાની માંગ સાથે ધરણા પર બેઠેલા ઉમેદવારોનો આઠમો દિવસ છે. જ્યારે છેલ્લા પાંચ દિવસથી ઉમેદવારો પ્રતિક ઉપવાસ કરી રહ્યા છે. શિયાળાની કાતિલ ઠંડી અને ઉપવાસને પગલે સુરતના ચિંતન સાંઘાણીની તબિયત બગડતા તેને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ જવાયો હતો. જ્યાં તાત્કાલીક વિભાગમાં સારવાર મેળવ્યા બાદ નવી બિલ્ડીંગમાં ઉપરના માળે દર્દીને રીફર કરાયા હતા. જો કે સોમવારના રોજ ચિંતનની તબિયત થોડી નરમ હતી, તો બીજીતરફ મંગળવારના રોજ વધુ તબિયત વધુ લથડતા તેને હોસ્પિટલમાં લઈ જવાયો હતો. સિવિલના ખાટલે પડેલા ચિંતને બિન સચિવાયયયલની પરીક્ષા રદ કરોનું બેનર્સ પોતાની પાસે રાખ્યું હતું. વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ પણ વિધાનસભા આગળ જ પોતાના સમર્થકો સાથે પરીક્ષા રદ કરવાની માંગ સાથે સુત્રોચ્ચાર કર્યા હતા. જ્યારે સ્વર્ણીમ પાર્ક ખાતે અઠવાડીયાથી પરીક્ષા રદ કરવાની માંગ સાથે ઉમેદવારો અડીંગો જમાવીને બેઠા છે.

# સાયન્સ સીટી ખાતે નોબલ પ્રાઈઝ ડે ની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી



(ગુજકોસ્ટ) અને ગુજરાત સાયન્સ સીટી દ્વારા સંયુકત રીતે વિજ્ઞાનની વિવિધ શાખામાં મળેલા નોબલ પ્રાઈઝ વિશે ચર્ચા વિચારણા કરી ૨૦ ડીસેમ્બર નોબલ પ્રાઈઝ ડેની ઉજવણી કરવામા આવી હત.

આ પ્રોગ્રામનો મુખ્ય ધ્યેય વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંશોધકોને નોબલ પ્રાઈઝના મહત્વ વિશે જણાવવાનો હતો. ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

આ વર્ષે ૧૪ વ્યકિતઓને નોબલ પ્રાઈઝથી સન્માનીત કરાયા છે. જેમાં ભારતના અર્થશાસ્ત્રી અભિજીત બેનર્જીનો સમાવેશ થાય છે. બેનર્જી તેમના બે સહયોગીઓ સાથે આ એવોર્ડ શેર કરશે. કેમેસ્ટ્રી, ફિઝીકસ અને મેડીસીન માં ત્રણ વિજેતા જયારે શાંતિ અને સાહત્યિ માટે એક એક વિજેતા છે.

અંડરગ્રેજયુએટ કોલેજ અમદાવાદ યુનિવર્સિટીના ડીન, ડો. રાઘવન રંગરાજને વિદ્યાર્થીઓને ન્યુ પર્સપેકટીવ ઓન અવર પ્લેસ ઈન ધ યુનિવર્સ, બીઆર બ્રહ્માંડમાં આપણા સ્થાન વિશે નવો દષ્ટીકોણ વિશે જણાવ્યુ. જયારે એલડીઆરપી ગાંધીનગર કોલેજના પાવર સપ્લાયના પ્રો.ડો. રાકેશ સુખદયિા એ ડેવલોપીંગ ધ વર્લ્ડસ પાવારફુલ બેટરી, - વિશ્વની પાવરફુલ બેટરીના નિમાર્ણ વિશે જણાવ્યુ. ત્યાર બાદ જીએમઈઆરએસ મેડીકલ કોલેજ ગાંધીનગરના સાયકોલોજી ડીપાર્ટમેન્ટના હેડ ડો.જસ્મીન દિવાને - હાઉ સેલ એડપ્ટ ટુ ઓકસીજન અવેલેબીલીટી- ઓકસીજનને સેલ કેવી રીતે ગ્રહણ કરે છે તે જણાવ્યુ હતું. આ ઉપરાંત સાયન્સ સીટીના ઓડીટોરીયમ ખાતે નોબલ પ્રાઈઝનુ લાઈવ સ્ટ્રીમીંગ પણ દર્શાવાયુ હતું.

# કાઠમંડુ ખાતે સાઉથ એશિયન ગેમ્સમાં ભારતીય કબડ્ડી ટીમનો ગોલ્ડમેડલ

### ગાંધીનગર સાઈના વરિષ્ઠ કબડ્ડી કોચ જયવીર શર્માની ટીમ મેનેજર તરીકે ઉપસ્થિતિ ફળદાયી નીવડી

ભારતીય પુરૂષ કબડ્ડી ટીમે નેપાળ ખાતે ચાલી રહેલ ૧૩ સાઉથ એશિયન ગેમ્સમાં ગોલ્ડમેડલ જીત્યો છે. ભારતીય કબડ્ડી ટીમના ટીમ મેનેજર તરીકે ગાંધીનગર ખાતેની સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અનુભવી વરિષ્ઠ કબડ્ડી કોચ જયવીર શર્મા સેવાઓ આપી રહ્યાં છે જે ગાંધીનગર માટે ગૌરવ સમાન છે.

કપ્તાન દિપકકુમારની આગેવાની હેઠળ કબડ્ડીની પુરૂષોની નેશનલ ટીમ ઈન્ડિયાએ નેપાળના કાઠમંડુ ખાતે તા. ૧લી ડિસેમ્બરથી તા. ૧૦મી ડિસેમ્બર દરમ્યાન યોજાયેલી ૧૩મી સાઉથ એશિયન ગેમ્સમાં યશસ્વી પ્રદર્શન કર્યુ છે. આ ટીમે જે ફાઈનલ જીતીને ગોલ્ડમેડલ હાંસલ કર્યો છે તે ફાઈનલ મેચમાં શ્રીલંકાની ટીમના ૫૧-૧૮ના સ્કોરથી મોટા માર્જીન સાથે ભવ્ય વિજય મેળવ્યો હતો. આ ટીમના કોચ તરીકે બલવંતસીંઘ અને અશાનકુમાર તથા ટીમ મેનેજર તરીકે જયવીર શર્મા સેવાઓ આપી રહ્યાં છે. જેમની તાલીમ અને પ્રોત્સાહનના ફળસ્વરૂપે ફરી એકવાર ભારતીય કબડ્ડી ટીમે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પોતાનો ડંકો વગાડ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે કબડ્ડી ભારતની પરંપરાગત રમત છે અને હવે યુવા તથા બાળ વર્ગમાં ખાસ્સી લોકપ્રિય થવા પામી છે. આ રમતના કોચ તરીકે વર્ષોથી ગાંધીનગર સાઈ ખાતે જયવીર શર્મા સેવાઓ આપી છે અને તેમની તાલીમ ભારતીય ટીમના મોટા ભાગના હાલના તથા પૂર્વ ખેલાડીઓ ઉપરાંત પ્રો-કબડ્ડીના ખેલાડીઓ મેળવી ચુક્યાં છે. જયવીર શર્માએ ગાંધીનગર સાઈને કબડ્ડીની તાલીમનુ હબ બનાવી દીધું છે. જયવીર શર્માની ટીમ મેનેજર તરીકેની ઉપસ્થિતિ ભારતીય કબડ્ડી ટીમ માટે પ્રોત્સાહક સાબિત પુરવાર થઈ છે અને ભારતીય ટીમે સાઉથ એશિયન ગેમ્સમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.




# અભયમ પર ૩ લાખથી વધુ મહિલાઓએ મદદ માંગી છે

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત વિધાનસભામાં શિયાળુ સત્ર ચાલી રહ્યું છે. તેમાં પ્રશ્નોતરીમાં કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે મહિલા હેલ્પલાઈનને લઈને એક પ્રશ્ન પૂછ્યો હતો. જેના પ્રત્યુત્તરમાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રીએ જણાવ્યું હતું કે, રાજયમાંથી છેલ્લા બે વર્ષમાં ૩,૨૬,૨૨૩ મહિલાઓએ મહિલા હેલ્પલાઈન ૧૮૧ અભયમ પર મદદ માંગી હોવાનું જણાવ્યું હતું. વિધાનસભામાં પૂછવા આવેલા પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ બે વર્ષમાં મહિલાઓએ અભયમની માંગેલી મદદની વિગતો આપી હતી. જેમાં તા.૧ નવેમ્બર,૨૦૧૭થી તા.૩૧ ઓક્ટોબર, ૨૦૧૮ સુધીના એક વર્ષમાં ૧,૫૬,૩૯૨ મહિલાઓએ મહિલા હેલ્પલાઈનને ફરિયાદ કરી હોવાનું જણાવાયું હતું. જ્યારે તા.૧ નવેમ્બર, ૨૦૧૮થી તા.૩૧ ઓક્ટોબર, ૨૦૧૯ સુધીના બીજા વર્ષમાં ૧,૬૯,૮૩૧ મહિલાઓની ફરિયાદ મળી હતી. બે વર્ષમાં કુલ ૩,૨૬,૨૨૩ મહિલાઓએ મહિલા હેલ્પલાઈન પર ફરિયાદ કરી હતી. જેનો ખર્ચ રૂ. ૩,૦૬,૨૨,૭૧૨ થયો હતો. બે વર્ષમાં ૩,૨૬,૨૨૩ મહિલાઓની ફરિયાદ પાછળ કુલ રૂ. ૫,૩૫,૮૫,૯૪૮ થયો છે. ઘરેલું હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસાના કિસ્સાઓને ડામવા અને તાત્કાલિક મહિલાઓને બચાવ અને સલાહ માર્ગદર્શન આપવા માટે ૧૮૧ મહિલા હેલ્પલાઈન શરૂ કરાઈ હતી. રાજ્યના મહિલા અને બાળ વિકાસ, મહિલા આયોગ અને ગૃહ વિભાગ દ્વારા જીવીકે ઈએમઆરઆઈ દ્વારા સંકલિત ૧૮૧ મહિલા હેલ્પલાઈનને ગુજરાતમાં તા.૪ ફેબ્રુઆરી ૨૦૧૪થી આ સેવા શરૂ કરાઈ છે અને ચોવીસે કલાક મહિલાઓને કાઉન્સેલર મહિલાઓનું કાઉન્સલીંગ કરે છે. રાજ્યભરમાં ૪૫ જેટલી રેસ્ક્યૂ વાન છે. જેના મારફતે તાત્કાલિક મહિલાઓને મદદ પહોંચાડવામાં આવે છે.

# અમારી સરકાર ગતિશીલ છે જ અને રહેશે જ : નીતિનભાઈ

ગાંધીનગર, તા. ૧૦

અમારી સરકાર ગતિશીલ છે અને ગતિશીલ રહેવાની જ છે. રાજયના વિકાસ કામોમાં સ્થગિતતા છે તે લોકસભા ચૂંટણીની આચારસંહિતા, ચોમાસુ તથા કમોસમી વરસાદને લીધે હતી તે કામો હવે યુદ્ધના ધોરણે ચાલી રહ્યા છે જે કામો માર્ચ સુધીમાં પૂર્ણ કરવાનું અમારૂ આયોજન છે તેમ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે આજે ગૃહમાં જણાવ્યું હતું.

આજે વિધાનસભા ખાતે લીલીયા અને સાવરકુંડલા તાલુકાના રસ્તાના કામના પ્રશ્નના પ્રત્યુત્તરમાં નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમર્યુ કે, માર્ગ-મકાન વિભાગ દ્વારા રાજયના તમામ જિલ્લા, તાલુકા, ગામડાં અને નેશનલ હાઈવે, ગરનાળા, મોટા ઓવરબ્રીજ, ફલાય ઓવરબ્રીજનાં કામો હાથ ધરાઈ રહ્યા છે. વિકાસ કામોમાં ટેકનોલોજીના ઉપયોગને કારણે ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાય છે અને ભાવો ઓછા આવે



છે. જે પારદર્શિતાને લીધે હરીફાઈ વધી છે અને ગુણવત્તાલક્ષી કામો હાથ ધરાયા છે. માર્ગ મકાન વિભાગમાં પૂરતું માનવબળ મળી રહે એ માટે સેકશન ઓફિસર અને નાયબ સેકશન ઓફસરની ભરતી પ્રક્રિયા પૂર્ણ થઈ છે. તેમના દસ્તાવેજ ચકાસણી કામગીરી ચાલી રહી છે જેની માર્ચ-૨૦૨૦ સુધી નિમણૂકો પણ આપી દેવાશે એ જ રીતે ૨૮૫ મદદનીશ ઈજનેર, ૮૫ ડેપ્યટી એન્જિનિયરની નિમણૂકો માટેની પ્રક્રિયા પણ હાથ ધરાઈ છે જે સત્વરે પૂર્ણ કરીને નિમણૂકો અપાશે.

પટેલે ઉમેર્યુ કે, ગ્રામ્યસ્તરે છેવાડાના માનવીને માર્ગ સુવિધા પૂરી પાડવા માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના કાર્યાન્વિત કરી છે જેના પરિણામે ખેડૂતોની જમીનના ભાવો ઊંચા આવ્યા છે તથા ઉત્પાદન થયલા પાકોના બજારભાવ પણ ઊંચા આવ્યા છે. અમરેલી જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ.૧૮૯ કરોડના ખર્ચે ૧૭૭ કામો હાથ ધરાયાં છે, તે પકી ૬૦ કામો પૂર્ણ કરાયા છે, ૪૫ કામો પ્રગતિમાં છે, ૭૨ કામો સત્વરે હાથ ધરીને પૂર્ણ કરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું.

# આદિવાસી લોકોને બંધારણીય અધિકારો મળતા નથી : મેવાણી

### મેવાણીએ સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું બિલ સળગાવ્યું

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત વિધાનસભાના ટૂંકા સત્રમાં ત્રણ દિવસ માટે બરતરફ કરાયેલા અપક્ષ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ આવતીકાલે વિધાનસભામાં રજૂ થનારા સ્ટેચ્યુ ઓફ યુનિટી અંગેનું વિધેયક વિધાનસભા પરિસરમાં જ સળગાવતાં ભારે ચકચાર મચી ગઈ હતી. મેવાણીએ આજે મીડિયાની સામે જ સ્ટેચ્યુ ઓફ યુનિટી ઓથોરિટીની રચના અંગેના વિધેયકની નકલને સળગાવી વિરોધ પ્રદર્શિત કરતાં વિધાનસભા સત્રનું રાજકારણ જોરદાર રીતે ગરમાયું હતુ અને આ પ્રકારે મીડિયા સામે બીલની નકલ સળગાવાતાં ભાજપ સરકારની છાવણીમાં તેનો આક્રમક વિરોધ સાથે ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. બીલની કોપી સળગાવ્યા બાદ સંકુલમાં જ સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરતા જીગ્નેશ મેવાણી અને તેમના સમર્થકોને પોલીસે અટક કર્યા હતા. સ્ટેચ્યુ ઓફ યુનિટી ઓથોરિટીની રચના અંગેના વિધેયકની નકલને સળગાવતી વખતે જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે, આ બીલને સળગાવીને હું મારો વિરોધ પ્રદર્શિત કરું છું. ગુજરાતના અનુસુચિત જાતિ અને જનજાતિના દલિત-આદિવાસી ધારાસભ્યોને અપીલ કરું છું કે, અનુસુચિત જનજાતિના ૨૭ અને દલિત સમાજના ૧૩ ધારાસભ્યો છે. આ તમામ ધારાસભ્યો સાથે મળી આ બીલનો વિરોધ કરે, પોતાનો રોષ પ્રગટ કરે. કોઈપણ સંજોગોમાં આ બીલ રોકાવું જોઈએ. ગુજરાતમાં આદિવાસી સમાજને તેમના બંધારણીય અધિકારો મળતા નથી અને બંધારણીય અધિકારોનું હનન થઈ રહ્યું છે એટલા માટે બીલની કોપી સળગાવું છું.

મેવાણીએ વધુમાં ઉમેર્યું કે, આવતીકાલે ગૃહમાં રજુ થનારું આ બીલ કોઈપણ સંજોગોમાં રોકાવું જોઈએ કારણ કે આજે પણ આદીવાસી સમાજના હક્કોનું હનન થઈ રહ્યું છે. એટલું જ નહીં ગુજરાતમાં આજે પણ આદિવાસીઓને બંધારણીય હક્કો મળતા જ નથી. જો આવતીકાલે આ બીલ પસાર થશે તો આદિવાસી લોકો તેમના ધંધા-રોજગાર કરી શકશે નહીં. મને સસ્પેન્ડ કર્યો હોવાથી આવતીકાલે રજૂ થનારા આ બીલ સમયે હું ગૃહમાં ઉપસ્થિત રહી શકું તેમ નથી, તેમ કહી બીલ સળગાવીને વિરોધ વ્યકત કર્યો હતો. ત્યારબાદ સંકુલમાં જ રાજય સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરતા જીગ્નેશ મેવાણી અને તેમના સમર્થકોને પોલીસે ડિટેઈન કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે સંવિધાન દિવસની ચર્ચા દરમિયાન અયોગ્ય વાણી-વર્તનને કારણે વિધાનસભા અધ્યક્ષે સમગ્ર સત્ર દરમિયાન એટલે કે ત્રણ દિવસ સુધી મેવાણીને સસ્પેન્ડ કરી દેવાયા છે, જેથી તે આવતીકાલે રજૂ થનારા આ બીલમાં ઉપસ્થિત રહી શકશે નહીં.

# શહેરની ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓના આનુષાંગિક ખર્ચની સહાય યોજના હેઠળ આવરી લેવાયા છે

### બે વર્ષમાં માત્ર બે શાળાનુ જ એકીકરણ કરાયુ છે : શિક્ષણમંત્રી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરની ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીના અભ્યાસને લગતા આનુસંગિક ખર્ચની ચૂકવણી સહાય યોજના અમલમાં છે તેમ ભાજપના ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરના લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૨૦૧૯-૨૦માં ૩૧-૮-૧૯ સુધીમાં ગાંધીનગર શહેરના ૨૨૪ વિદ્યાર્થીઓને આ સહાય યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. ઠાકોરના એક વધુ પૂરક પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે વિદ્યાર્થીદીઠ રૂ. ૩ હજાર લેખે રૂ. ૬૬.૭૨ લાખની સહાય પણ શાળાઓને ચુકવી આપવામાં આવેલ છે.

બીજી તરફ શાળાઓના એકીકરણને લઈ ચાલતા વિવાદ વચ્ચે આજે શિક્ષણમંત્રીએ કોંગીના સુરેશ પટેલના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં માત્ર કલોલ તાલુકાની બે શાળાઓનુ એકીકરણ કરવાનો નિર્ણય લેવાયો છે. આ એકીકરણ પણ શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોવાને કારણે લેવામાં આવ્યો હોવાનુ પણ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.



## વડોદરા પ્રાથમિક શાળાના બાળકોને ગરમ સ્વેટરનું વિતરણ

ગાંધીનગર તાલુકાના વડોદરા પ્રાથમિક શાળામાં શાળાના શિક્ષક પટેલ પ્રવિણચંદ્ર કેશવલાલ દાતા તરફથી શાળાના ૭૫૦ વિદ્યાર્થીઓને ઓશ્વાલ કંપનીના સ્વેટર દાન સ્વરૂપે વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અર્ચનાબેન તેમજ નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ભટ્ટસાહેબ ડભોડા, બીટ કેળવણી નિરીક્ષક હર્ષદભાઈ, ગામના સરપંચ, એમ.એસ.સી.ના તમામ સભ્યો તથા ગ્રામજનો ડભોડા સીઆરસી અમિતભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અર્ચનાબેન, નાયબ શિક્ષણાધિકારી ભટ્ટસાહેબે પ્રાસંગિક પ્રવચન દ્વારા દાનનો વિશેષ મહિમા વર્ણવી સેવાને બિરદાવી અભિનંદન આપ્યા હતા. સ્વેટરના દાતા પ્રવિણભાઈ પટેલના ઉદાર ભાવના વિશે સરપંચે આભારની લાગણી વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમના અંતે આભારવિધિ શાળાના આચાર્ય દેવિન્દ્રાબેને કરી હતી.



ચોમાસા દરમ્યાન શહેરમાં ઝાડી-ઝાંખરાઓ ખુબ જ વધી ગયા હતા. જેના કારણે વાહનચાલકોને ખુબજ તકલીફ પડે છે. ડીવાઈડરો પર ઉગી નીકળેલી ઝાડીઓને વન વિભાગ કાપી રહી છે અને વાહનચાલકોની પરેશાની દૂર કરી રહી છે.

# બે વર્ષમાં ૧૪ દિપડાના મોત તેમજ હુમલામાં ૭૧ ઘાયલ

વિધાનસભા ગૃહમાં આજે રાજ્યમાં દિપડાઓ દ્વારા થઈ રહેલા હુમલા અને મોત મામલે મહત્વનો ખુલાસો સામે આવ્યો હતો. છેલ્લા બે વર્ષમાં અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં દીપડાના હુમલામાં ૭૧ લોકો ઘવાયા છે, જેમાંથી ૧૪ લોકોના મોત થયા છે. જ્યારે ૪૩૫ દિપડાઓને પકડવામાં આવ્યા છે. જેમાં જૂનાગઢમાં છેલ્લા બે વર્ષમાં દિપડાઓ દ્વારા ૩૭ હુમલા થયા છે, જેમાં ૬ના મોત નીપજ્યા છે, જ્યારે અમરેલીમાં થયેલા ૪૩ હુમલામાં ૮ લોકોના મોત થયા છે. આમ, સમગ્ર રાજયમાં અમરેલી -જૂનાગઢમાં દિપડાનો સૌથી વધુ આંતક હોઈ ત્યાં જ વધુ ખૌફ હોવાનું સ્પષ્ટ થયુ હતું. છેલ્લા ૧૫ દિવસથી અમરેલી જિલ્લાના બગસરા પંથકમાં દિપડાઓનો ખૌફ વધી રહ્યો છે. ખાસ કરીને છેલ્લા એક મહિનામાં દિપડાના હુમલામાં નોંધનીય વધારો થયો છે, માત્ર એટલું જ નહીં દિપડાએ છેલ્લા અઠવાડીયામાં બે લોકોને ફાડી ખાતા અને ત્રણ વ્યકિતઓ પર હુમલો થતાં સમગ્ર વિસ્તારના ખેડૂતો અને સ્થાનિક ગ્રામજનો દિપડાના હુમલાઓથી ભયભીત છે અને સરકારે પણ દેખો ત્યાં ઠારના આદેશ આપી દીધો છે.